(39)

તારીખ: ૨૦-૭-૨૦૧૯ શનિવાર આજકાલ

# જીએસટી વિભાગ દ્વારા ચલણ ભરવાની તારીખ લંબાવાઈ

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સની રજુઆત રંગ લાવી

**આજકાલ કાર્યાલય-જામનગર**

જીએસટી કાયદા હેઠળ રજી. અને કમ્પોઝીશન સ્કીમ (લમસમ યોજના)નો વિકલ્પ અપનાવેલ વેપારીઓને તેમના પત્રક/ચલણ ત્રિમાસીક ભરવાની જોગવાઈ છે, જે પત્રક/ચલણ જીએસટીની વેબસાઈટ ઉપર જીએસટીઆરજ માં ભરવાની હોય છે પરંતુ જીએસટી વિભાગ દ્વારા તાજેતરમાં એપ્રિલ થી જુન-૨૦૧૯ ના સત્રના ત્રિમાસીક પત્રકો જીએસટીઆરજ ને બદલે (સીએમપી-૮)માં ભરવાન છે પરંતુ જીએસટીની વેબસાઈટ ઉપર (સીએમપી-૮) ઉપલબ્ધ નથી. જ્યારે નાના વેપારીઓને વેરો તથા પત્રક ભરવાની અંતિ તા. ૧૮-૭ હોય કમ્પોઝીશનના વેપારીઓ મુશ્કેલી અનુભવતા હતા.

આ અંગે સમગ્ર ગુજરાતમાંથી સૌ પ્રથમ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ચીફ કમિશનર ઓફ સ્ટેટ જીએસટી અમદાવાદને પત્ર પાઠવી એપ્રિલ થી જુન-૨૦૧૯ના સત્રના ત્રિમાસીક પત્રકો ભરવાની અંતીમ તારીખ ૧૮ના સ્થાને વેબસાઈટ ઉપર ફોર્મ ઉપલબ્ધ થયા પછીથી દશ દિવસ જેટલી વધારી આપવા રજુઆત કરવામાં આવેલ જેથી કોઈ નાના વેપારીને વ્યજ કે લેઈટ ફી નો સામનો કરવો ન પડે જામનગર ચૈમબરની આ રજુઆતને ધ્યાને લઈ જીઅસટી દ્વારા પત્રક/ચલણ ભરવાની અંતીમ તા. ૩૧-૭ કરી આપવામાં આવેલ છે આમ જામનગર ચેમ્બરની રજુઆતથી કમ્પોઝીશનનો વિકલ્પ અપાવનાર નાના વેપારીઓને રાહત મળશે.